# વિસનગર પાલિકા પ્રમુખ સહિત સભ્યો ભાજપમાં જોડાયા

## નગરપાલિકાના પ્રમુખ, જુદી જુદી સમિતિઓના ચેરમેન અને સભ્યોએ કેસરિયો ખેસ ધારણ કર્યો : કોંગીને ફટકો

ગાંધીનગર, તા.૬

ભાજપા પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ અને વિસનગરના ધારાસભ્ય ઋષિકેશભાઈ પટેલની હાજરીમાં આજે કોબા સર્કલ સ્થિત કમલમ્ ખાતે મહેસાણા જીલ્લાની વિસનગર નગરપાલિકાના પ્રમુખ, વિવિધ સમિતિઓના ચેરમેનો તથા સભ્યો વિધિવત્ રીતે ભાજપમાં જોડાયા હતા. જેને પગલે મહેસાણા જિલ્લાના સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચા જાગી હતી. મહેસાણા જીલ્લાની વિસનગર નગરપાલિકામાં વિકાસ મંચના નામથી અપક્ષ તરીકે ઉમેદવારી કરી વિજેતા બનેલા વિસનગર નગરપાલિકાના પ્રમુખ ગાવિંદભાઈ પટેલ, સ્ટાફ સિલેક્શન સમિતિના ચેરમેન કામીનીબેન પટેલ, સ્વચ્છતા કમિટિના ચેરમેન દમયંતીબેન પટેલ, શિક્ષણ સમિતિના ચેરમેન સંગીતાબેન પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન રશ્મીબેન બારોટ, વિસનગર નગરપાલિકાના સભ્યો ભરત પટેલ, જગદીશ ચૌહાણ અને આશાબેન પ્રજાપતીએ ભાજપાનો કેસરિયો ખેસ ધારણ કરી વિધિવત્ રીતે ભાજપમાં જોડાયા હતા. આ પ્રસંગે ભાજપમાં જોડાયેલા તમામ લોકોને આવકાર આપતાં ભાજપ પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ જણાવ્યું હતું કે, ભાજપના સદસ્યતા વૃધ્ધિ અભિયાનને વધુ અસરકારક રીતે આગળ લઈ જવા માટે ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાઓ સતત કાર્યરત છે. સંગઠન પર્વ - સદસ્યતા વૃધ્ધિ અભિયાન એ જનજન સાથે સંપર્ક થકી સૌને ભાજપા સાથે જોડી ભાજપાના રાષ્ટ્રવાદી-વિકાસવાદી વિચાર વધુ સુદ્રઢ બનાવવા માટેનું પર્વ છે. સતત ૧૯૯૫થી અવિરતપણે ભાજપ પર ગુજરાતની જનતાએ વિશ્વાસ મુક્યો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતની જનતાએ તમામ ૨૬ બેઠકો પર ૨૦૧૪ કરતા પણ વધારે માર્જીનથી વિજય અપાવ્યો છે, ત્યારે ગુજરાતની જનતાનો ભાજપ તરફી અપાર પ્રેમ પ્રદર્શિત થાય છે.

## શહેરના પ્રશ્નો અંગે મેયર મધ્યસ્થી કરી ઉકેલ લાવે : વસાહત મહામંડળ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના પડતર પ્રશ્નો અંગે ગાંધીનગરના મેયરને મધ્યસ્થી કરવા અને તંત્ર દ્વારા ઝડપી નિરાકરણ આવે તે માટે વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પત્ર લખીને રજુઆત કરી છે.

ખાસ કરીને ગાંધીનગર શહેરના ગ્રામ્ય વિસ્તારના રહીશોના મિલ્કતવેરાની સમસ્યા તાકીદે ઉકેલવાનો આગ્રહ કરતાં તેમણે જણાવ્યુ છે કે મિલ્કતધારકને કબ્જેદાર તરીકે દર્શાવવામાં આવે તે યોગ્ય નથી. આ વ્યકતીના મિલ્કતના હક્ક પર તરાપ મારવા સમાન છે. તેમણે આ બાબતે ઝડપથી મધ્યસ્થી કરવા કહ્યુ છે.

આ ઉપરાંત બિન અધિકૃત મિલ્કતોને નિયમિત કરવા માટે સરકારે ૭ વર્ષ પહેલાં કાયદો બનાવ્યો છે પણ હજુ તેનો શહેરમાં અમલ થયો નથી તે બાબતે પણ અલગથી પત્ર લખી રજુઆત કરેલ છે. તેમણે શહેરમાં પ્રોપર્ટીકાર્ડ આપવાની કામગીરી પણ લગભગ ઠપ્પ થઈ ગઈ હોવાનું જણાવી આ કામગીરી પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી માંગ કરી છે.

## સઈજ પાસેથી કારમાંથી ૩૪૮ બોટલ દારૂ એલસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સઈજ પાસેથી પસાર થઈ રહેલી કારમાંથી ગાંધીનગર એલસીબી પોલીસે વિદેશી દારુની ૩૪૮ બોટલ પકડી પાડી છે. પોલીસે દારુની કારનું પાયલોટીંગ કરી રહેલા બાઈક ચાલકને પણ પકડી પાડી દારુ, કાર અને બાઈક સાથે મળીને કુલ રૂ. ૮.૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી ઈન્ચાર્જ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના રાજવીરસિંહ, લફિતખાન, વિજયસિંહ, અનોપસિંહ સહિતનો સ્ટાફ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યો હતો તે દરમિયાન વિજયસિંહને બાતમી મળી હતી કે મહેસાણાથી પલસાણા થઈને અમદાવાદ કારમાં દારુ લઈ જવાઈ રહ્યો છે અને તે કારની આગળ બાઈક પાયલોટીંગ કરી રહ્યું છે.જેને પગલે પોલીસે સઈજ ગુરુકુલ પાસે વોચ ગોઠવી દીધી હતી.તે દરમિયાન બાતમીવાળુ બાઈક નં.જી.જે.૦૯.એ.આર.૮૬૧૪ ત્યાંથી પસાર થતા બાઈક ચાલક શખ્સ ચાલુ ફોને સઈજ ગુરુકુલથી આગળ નીકળુ છુ કોઈ નથી તેવું બોલતો હતો. તેને અટકાવી પોલીસે પુછતાછ કરતા બાઈક ચાલક ઈશ્વરસિંહ ભેરૂસિંહ રાજપુરોહિત (રહે.રાજપુરોહિત હોટલ વૈષ્ણોદેવી મંદિરની બાજુમાં અડાલજ) દારુની ગાડીનું પાયલોટીંગ કરતો હોવાનું જણાવ્યું હતું. તે દરમિયાન બાતમીવાળી કાર નં.જી.જે.૬. જે.ઈ.-૩૩૩૯ પસાર થતા પોલીસે તેને પકડી પાડીને અંદર તપાસ કરતા વિદેશી દારુની ૩૪૮ બોટલ મળી આવી હતી. પોલીસે કારમાં સવાર પ્રવિણ નેનુરામ જાટ (રહે. ચોહટન, અગોર, રાજસ્થાન) તેમજ ભજનલાલ મોઢારામ બિસ્નોઈ (રહે.કેરીયા, રાજસ્થાન) ને પકડા પાડ્યા હતા. પોલીસે દારુ, મોબાઈલ, કાર અને બાઈક સહિત કુલ રૂ. ૮,૫૫,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જયારે દારુના સપ્લાયર દિનેશ બિસ્નોઈ રહે હલીવાવ તા.ચૌત્રાવાના જી.જાલોરને વોન્ટેડ બતાવી વધુ તપાસ હાથ ધરી છે.

## માણસા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૬

સર્વોદય છાત્રાલય માણેકપુર રોડ માણસા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મેઘવાલ સમાજના પ્રમુખ જીતુભાઈ દાફળા અને એસ.આઈ.એસ. સેન્ટર માણસાના કમાન્ડન્ટ રમેશજી ગૌસ્વામી તથા સંસ્થાના પ્રમુખ રમેશચંદ્ર પરમાર ઉપસ્થિત રહ્યા હતા.




### કોબા પાસે કલોલ ડિવિઝનમાં પકડાયેલા દારુના જથ્થાનો નાશ કરાયો

ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કલોલ ડિવિઝનના અડાલજ, માણસા,કલોલસીટી, કલોલ તાલુકા, અને સાંતેજ પોલીસ દ્વારા પકડવામાં આવેલા રૂ.૧.૯૮ કરોડનો વિદેશી દારૂના જથ્થાનો કોબા સર્કલ પાસે બુલડોઝર ફેરવી નાશ કરાયો છે. પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલા દારૂ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવે છે. પરંતુ સમયાંતરે તેનો નાશ કરવામાં આવે છે. પોલીસ સ્ટેશનમાં પણ દારુ જગ્યા રોકતો હોય છે દારુથી મોટાભાગના રૂમ પેક થઈ જતા હોય છે. ત્યારે મંગળવારના રોજ કલોલ ડિવિઝનમાં પકડાયેલી કુલ ૭૨૦૪૧ દારુની બોટલ પણ કોબા સર્કલ પાસે બુલડોઝર ફેરવી નાશ કરાયો હતો. પોલીસ તંત્ર દ્વારા દારુના જથ્થાને નાશ કરવાની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન પોલીસ બંદોબસ્ત અને ફાયર બ્રિગેડની ટીમને પણ સ્ટેન્ડ ટુ રાખવામાં આવી હતી.

## નવા વડવાસાના વૃદ્ધા પાણીમાં તણાતા એનડીઆરએફની ટીમે ૩૨ કલાકની ભારે જહેમત મૃતદેહ શોધ્યો

મોડાસા, તા. ૬

મોડાસા તાલુકાના નવા વડવાસા નજીકથી પસાર થતી મેશ્વો નદીના કિનારે પશુઓ ચરાવવા ગયેલા ૭૦ વર્ષીય ભુરીબેન નામના વૃદ્ધા અગમ્ય કારણોસર પાણીમાં તણાતા ભારે ચકચાર મચી હતી. વૃદ્ધા તણાતા વહીવટીતંત્રને જાણ કરતા એનડીઆરએફની ટીમે સાથે મેશ્વો નદીના પટમાં પહોંચી વૃદ્ધાની શોધખોળ હાથ ધરી હતી. એનડીઆરએફ ટીમના ચીફ કિશનસિંહ સોલંકી આગેવાની હેઠળની ટીમે મેશ્વો નદીને ખૂંદી નાખી ૩૨ કલાકની ભારે જહેમત પછી ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલાનો મૃતદેહ ધનસુરા નજીક મેશ્વો નદીમાંથી મૃતદેહ શોધી કાઢવામાં સફળતા મળી હતી. વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળી આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

## જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિન સમારોહમાં વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરાશે

### વિશિષ્ટ કામગીરી કરનાર વ્યક્તિ પાસેથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અરજી મંગાવવામાં આવી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કલોલ ખાતે કરવામાં આવનાર છે. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં જિલ્લામાં વિશિષ્ટ કામગીરી કરનાર વ્યકિતઓનું સન્માન કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અરજીઓ મંગાવવામાં આવી છે. અરજીઓ તા. ૯ મી ઓગષ્ટ, ૨૦૧૯ સુધી કચેરી સમય દરમ્યાન પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરી, બીજા માળે, જિલ્લા સેવા સદન, સે-૧૧, ગાંધીનગર ખાતે સ્વીકારવામાં આવશે.

૧૫મી ઓગસ્ટે એવાર્ડ વિતરણ માટે (૧) શ્રેષ્ઠ રમત વીર (જિલ્લા કક્ષા) કબડ્ડી, ખોખો, દોડ, ઉંચી કુદ, લાંબી કુદ, ગોળા ફેક, ચક્ર ફેક અને ભાલા ફેક (૨) શ્રેષ્ઠ શિક્ષક (જિલ્લા કક્ષા) પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક (૩) પ્રગતિશિલ ખેડૂત (જિલ્લા કક્ષા):- સ્પ્રિંકલર, ટપક સિંચાઇ પધ્ધતિ દ્વારા ઓછા ખર્ચે મહત્તમ ઉત્પાદન (૪) બાગાયત ક્ષેત્રે પ્રગતિશિલ ખેડૂત (જિલ્લા કક્ષા) ગ્રીન હાઉસ, નેટ હાઉસ દ્વારા કેરી, જામફળ, ચીકુ, બોર, તરબુચ,દ્રાક્ષ,ખારેકની સફળ ખેતી (૫) પશુપાલન ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન દ્વારા મહત્તમ દુધ ઉત્પાદન કરતો ખેડુત/મહિલા ખેડુત (૬) સામાજીક ન્યાય ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર સ્વૈચ્છિક સામાજીક સંસ્થા/વ્યક્તિ (૭) શ્રેષ્ઠ પોલીસ ચન્દ્રક (જિલ્લા કક્ષા) શ્રેષ્ઠ હોમગાર્ડ ચંદ્રક (જિલ્લા કક્ષા) (૮) શ્રેષ્ઠ તબીબી સેવા આપતી સંસ્થા/વ્યક્તિ (જિલ્લા કક્ષા)(૯) પત્રકારીત્વ ક્ષેત્ર શ્રેષ્ઠ પ્રદાન કરનાર પત્રકાર (જિલ્લા કક્ષા) (૧૦) જિલ્લાના આર્થિક સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે લેખન કાર્ય દ્વારા પ્રદાન લેખક/કવિ (૧૧) શૈક્ષણિક ક્ષેત્રે ક્ષિતીજો વધારીને શિક્ષણનો વ્યાપ વધારતી સંસ્થા (સાક્ષરતા દરમાં વધારો) (૧૨) ગાંધી મુલ્યોનું જતન કરી ગાંધીજીના વિચારો, જીવન અને કવનના સંદેશાનો પ્રચાર – પ્રસાર કરતી સંસ્થા (૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે) (૧૩) મહિલા સશકિતકરણમાં શ્રેષ્ઠ કામગીરી કરતી મહિલા સંસ્થાઓ જેમકે ગૃહ ઉદ્યોગો દ્વારા મહિલાઓને પગભર કરવા માર્ગદર્શન કરતી સંસ્થાઓ (૧૪) મહિલાઓ / કિશોરીઓને સુરક્ષામાં કાનુની સહાય મુંઝવણ અને માર્ગદર્શન કરતી સંસ્થા / વ્યકિત (૧૫) શ્રેષ્ઠ ઉદ્યોગપતિ / પ્લેશમેન્ટ આપતા નોકરી દાતા (જિલ્લા કક્ષા) (૧૬) પાણી બચાવો ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતી સંસ્થા/વ્યકિત (જિલ્લા કક્ષા) (૧૭) મુક બધિર અને અપંગો (દિવ્યંગો) માટે શ્રેષ્ઠ કામગીરી કરતી સંસ્થા (જિલ્લા કક્ષા) (૧૮) સ્વચ્છતા ક્ષેત્રે કામગીરી કરતી સંસ્થા/વ્યક્તિ (જિલ્લા કક્ષા) (૧૯) પર્યાવરણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતી સંસ્થા/વ્યકિત (જિલ્લા કક્ષા) (૨૦) ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારી/અધિકારી (જિલ્લા કક્ષા) (૨૧) જીવદયા ક્ષેત્રે મુંગા પશુઓની સેવામાં શ્રેષ્ઠ કામગીરી કરતી સંસ્થા (જિલ્લા કક્ષા) (૨૨) ડિઝાસ્ટરમાં શ્રેષ્ઠ કામગીરી કરતી સંસ્થા અધિકારી/કર્મચારી (જિલ્લા કક્ષા) (૨૩) પુર બચાવ રાહત કામગીરી કરતી શ્રેષ્ઠ સંસ્થા વ્યક્તિ/વ્યક્તિ જુથ (જિલ્લા કક્ષા) (૨૪) બાળકોમાં કુપોક્ષણ દુર કરવામાં અગ્રેસર સંસ્થા / વ્યકિત / અધિકારી (૨૫) વ્યસન મુકિતમાં શ્રેષ્ઠ કામગીરી કરતી સંસ્થા / વ્યકિત વિશેષ કામગીરી કરનારાઓનું સન્માન કરવામાં આવશે.

## સાયન્સ સીટી ખાતે 'હિરોશીમા દિવસ' અંતર્ગત સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૬

ગુજરાત સાયન્સ સિટી ખાતે ૬ ઓગષ્ટ હિરોશીમાં દિવસને અંતર્ગત ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જર્મની તરફી અને જાપાનના શહેરો હિરોશીમાં અને નાગાસાકી પીઆર ક્રમશ : ૬ ઓગષ્ટ અને ૯ ઓગષ્ટ ના રોજ અણુબોમ્બ ફેકયો હતો . જેમાં ૮૦,૦૦૦ લોકોના મોત થયા યુરેનિયમનો બનેલો હતો જ્યારે નાગાસાકી પર જે અણુબોમ્બ ફેકવામાં આવ્યો તેનું નામ 'Fat Boy' હતું. જે પ્લુટોનિયમનો બનેલો હતો. જેને લીધે નાગાસાકી



ખાસ સેમિનારમાં બ્લૂમિંગ કેમ્પસ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ ના ૧૬૦ જેટલા વિધ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ કપડવંજના પ્રોફેસર મુકેશભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં તેમણે હિરોશીમાં પર કરવામાં આવેલ અણુબોમ્બ હુમલાને લગતો વિડીયો બતાવ્યો હતો.

વિદ્યાર્થીઓને માહિતી આપતા પ્રો. ભટ્ટે જણાવ્યુ કે ૧૯૪૫ માં દ્વિતીય વિશ્વ યુદ્ધ દરમિયાન મિત્ર રાષ્ટ્રો તરફથી અમેરિકાએ હતા અને શહેરોનો લગભગ ૯૦ ટકા ભાગ નષ્ટ થઈ ગયો હતો. આ હુમલામાં લાખો લોકો પરમાણુ રેડિએશનનો શિકાર બન્યા હતા. આ ભયંકરતાને યાદ કરતાં ૬ ઓગષ્ટને હિરોશીમાં દિવસ તરીકે યાદ રખાય છે.

હિરોશીમાં પર કરવામાં આવેલા પરમાણુ હુમલામાં American B-29 બૉંબર યુદ્ધ વિમાન નો ઉપયોગ કરવામાં આવેલ. જેના પલોટ પૉલ ટીબ્ટ્સ હતા. તેમજ આ યુદ્ધ વિમાન દ્વારા જે બોમ્બ ફેકવામાં આવ્યો તો તેનું નામ Little Boy હતું. જે શહેરમાં પણ હજ્જારો લોકોના મોત થયા હતા અને હજારો લોકો રેડીએશનના શિકાર થયા હતા.

વધુમાં પ્રો. મુકેશભાઈએ અણુબોમ્બના હુમલા બાદ ફેલાયેલા રેડીએશન અંગે અને તેના દ્વારા લોકોને કેવી બીમારી ભોગવવી પડી હતી તે વિષે માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરી તેમના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. આટલી મોટી હોનારત બાદ જાપાન કેવી રીતે ઊભું થયું અને ૧૫મી ઓગષ્ટના રોજ કેવી રીતે વિશ્વયુદ્ધનો અંત આવ્યો તેની પણ માહિતી આપી હતી.




### ચિલોડા ખાતે મુખ્યમંત્રીશ્રી મા અમૃતમ કાર્ડ માટેનો કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગ્રામ પંચાયત ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રીશ્રી મા અમૃતમ વાત્સલ્ય કાર્ડ માટેનો બીજો કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આઈડેન્ટીફાઈ થયેલા ગામના ૫૪ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલ, રાજુભાઈ ગજ્જર, સીતારામભાઈ પટેલ તથા ગ્રામ પંચાયતના સરપંચ વસુમતીબેન પટેલ, અગ્રણી દિનેશભાઈ પટેલ, ગામની અગ્રણી મહિલા સુધાબેન પટેલ વગેરે ઉપસ્થિત રહી કેમ્પ સફળ બનાવ્યો હતો.

## વાસણ ગામથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક આવેલા વાસણ ગામના બસ સ્ટેન્ડ પાસેથી બાઈક પરથી યુવાન પાસેથી બે બોટલ વિદેશી દારુ પકડાયો હતો. યુવકે આ દારૂ તેના મિત્રનો હોવાનું કહેતા પોલીસે મિત્રના ઘરે તપાસ કરતા ઘર આગળ પડી રહેલી ઈન્ડીગો કારમાંથી ૩૬ બોટલ મળી આવી હતી. પોલીસે દારુ, બાઈક, ગાડી સહિત કુલ રૂ. ૨,૩૬,૧૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ પેથાપુર પોલીસે બાતમી ને પગલે સોમવારના રોજ રાત્રીના સાડા અગીયાર વાગ્યાના અરસામાં વાસણ ગામમાં આવેલા બસ સ્ટેન્ડ પાસેથી જી.જે.૧૮.સી.એમ.-૭૮૩૩ લઈને પસાર થઈ રહેલા યુવકને પકડી પાડ્યો હતો. આરોપી અજયસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલા (રહે. વેરાઈવાળો વાસ વાસણ)પાસેથી બે બોટલ વિદેશી દારુની મળી આવી હતી. આ દારુ તેના મિત્ર મનોહરસિંહ ઉર્ફે રોકી ગીરીવરસિંહ ચાવડાનો હોવાનું કહ્યું હતું. જેને પગલે પોલીસે વાસણ ગામમાં જામ્બોવાસમાં તપાસ કરતા રોકી ઘરેથી મળી આવ્યો ન હતો. રોકીના ઘર પાસે પડી રહેલી ઈન્ડીગો કાર નં. જી.જે.૧૮ એ.એકસ.-૫૪૨૮ માં ચેંકીગ કરતા તેમાંથી દારુની ૩૬ બોટલ મળી આવી હતી. પોલીસે ૩૬ બોટલ કિ.રૂ. ૧૧,૫૦૦, બાઈક રૂ. ૨૦,૦૦૦ અને રૂ. ૨ લાખની કાર મળીને કુલ રૂ. ૨,૩૬,૧૯૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી લેવા તપાસ શરુ કરી છે.

## 'કેપ્સીકમ' રેસ્ટોરન્ટ અને ડેસ્ટીનેશન વેડીંગ માટે અનુભવી અને સુવિખ્યાત ક્લબનું એક્સ્પાન્સન

વ્હિસલિંગ મિડોઝ ક્લબ અને રિસોર્ટ ક્ષેત્રે એક પ્રતિષ્ઠિત નામ રેસ્ટોરન્ટ અને હોસ્પિટાલીટી માટે સુવિખ્યાત એવું આ ગ્રુપ અમદાવાદ નજીક સાણંદ પાસે કુંડાલ ગામે નવા નજરાણા સ્વરૂપે નવી ક્લબ શરૂ કરી છે. ગ્રાહકસેવાના ધ્યેય સાથે ક્લબ હવે એક્સ્પાન્સન તરફ આગળ વધી રહી છે.

વ્હિસલીંગ મિડોઝ ક્લબ એન્ડ રિસોર્ટના ચેરમેન રાહુલ ધીયાએ જણાવ્યુ છે કે વ્હિસલીંગ મિડોઝ રિસોર્ટ છેલ્લા પાંચ વર્ષથી એસ.જી. હાઈવે પર કાર્યરત છે. ગ્રાહકોને સંતોષકારક અને ઉત્તમ સેવા એ જ આ જૂથનો ધ્યેય છે અને આ ધ્યેય સાથે રિસોર્ટ દ્વારા અનેક પ્રવૃતિઓ કરવામાં આવે છે. રેસ્ટોરન્ટ અને ડેસ્ટીનેશન વેડીંગ માટે સુવિખ્યાત ગ્રુપ હવે ઈક્વીટી શેરીંગ, ધોલેરા નજીક રેસીડેન્સિયલ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ ડેવલપમેન્ટ, ટ્રાવેલ ટુરિઝમ અને ઈન્સ્યોરન્સ એમ બહુવિધ આયામો સાથે આગળ વધી રહી છે.

આગામી બે વર્ષમાં આ ગૃપનું ટર્નઓવર રૂપિયા ૩૫ કરોડ અને પાંચ વર્ષમાં વધારીને રૂપિયા ૧૦૦ કરોડ સુધી લઈ જવા તત્પર છે. 'કેપ્સિકમ રેસ્ટોરન્ટ' એ આ ગૃપની આગવી ઓળખ છે. તાજેતરમાં જ સિંધુભવન ખાતે આ જ નામે રેસ્ટોરન્ટ ચાલુ કરાયું છે અને આગામી ૩ વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૧૦૦ જેટલી ફ્રેન્ચાઈઝી આપવાનું આયોજન છે.

ગૃપના કો ફાઉન્ડર રૂપલ ધીયાએ જણાવ્યું હતું કે ગૃપ હવે 'ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ડેસ્ક' ક્ષેત્રે ખુબ અગ્રેસેવલી માર્કેટમાં પ્રવેશી રહ્યું છે.

### ટ્રીટમેન્ટ પ્લાન્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આને કારણે હાલ નર્મદાનું પાણી જે આ એકમો વાપરે છે તેમાં બચત થશે. આ પ્લાન્ટ આમ તો સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટનો ડી.પી.આર. પણ તૈયાર કરી અને ટેન્ડરીંગ કરી દેવાયું છે. જે અંગે આગામી ડિસેમ્બર પહેલાં નિર્ણય લેવાઈ જશે અને તેની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવશે.

નર્મદાનું જે પાણી બચશે તેમાંથી ગાંધીનગર શહેર તેમજ શહેરની આસપાસ વિકાસ પામેલ ન્યુ ગાંધીનગરમાં આપી શકાશે. ગાંધીનગર શહેરમાં પાણીની માંગમાં વધારો થઈ રહ્યો છે. ઉનાળાની સીઝનમાં જ પાંચ એમ.એલ.ડી. પાણીનો જથ્થો વધારવામાં આવ્યો હતો જે નોંધનીય છે.

### ત્રીજી વર્ષગાંઠ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય સરકાર દ્વારા નિર્ણાયક નેતૃત્વના ત્રણ વર્ષ નિમિત્તે મુખ્યમંત્રી સંશોધન પ્રોત્સાહન યોજના, સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના, (સૂર્ય-ગુજરાત), મુખ્યમંત્રી કૃષિ યાંત્રીકિકરણ યોજના, પ્રાઈવેટ સ્લમ ડેવલપમેન્ટ માટે પીપીપી પોલીસી અને નમો ઈ-ટેબલેટનું વિતરણ સહિતની વિવિધ જનહિતલક્ષી મહત્વપૂર્ણ કાર્યક્રમોનો પણ શુભારંભ કરાશે.

પ્રગતિશીલતા, સંવેદનશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાના મૂલ્યો આધારિત ચાર સ્તંભ ઉપર ગુજરાતની વિકાસ યાત્રાને વધુને વધુ સુદ્રઢ બનાવવા રાજ્ય સરકારે ભગીરથ પ્રયાસો કર્યા છે અને રાજ્યના સાડા છ-કરોડ ગુજરાતીઓની આશાઓ-આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા સરકાર સતત પ્રયત્નશીલ રહીને અનેક નવતર આયામો હાથ ધર્યા છે. જેના પરિણામે ગુજરાતની વિકાસયાત્રા વધુ સુદ્રઢ બની છે ત્યારે આવો આપણે સૌ સાથે મળીને ગુજરાતને વધુ સમુદ્ધ બનાવીએ.

### મિશન મોડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે ગ્રામીણ વિસ્તારોમાં જળસંચય માટેની જનજાગૃતિ અંગેના તૈયાર કરાયેલ રોડ મેપ મુજબ પણ કામગીરી વેગીલી બનાવવા પર વિશેષ ભાર મુક્યો હતો. તેમણે વિવિધ કામોની ડેટા એન્ટ્રી પણ નિયમિત અને સમયસર થાય તે માટે કડક તાકીદ કરી હતી.

તેમણે વનીકરણની કામગીરી તેમજ આવરા-જાવરાના કામોમાં ગતિ આવે તે માટે ખાસ ભાર મૂક્યો હતો. જિલ્લામાં ચોમાસુ સક્રિય થઈ ગયુ છે ત્યારે આ કામોમાં હજુ ધીમી ગતિને લઈ તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. જિલ્લાના ચારેય તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ ગયો છે. તેમણે વરસાદી પાણીના સંગ્રહ માટે જે હાથવગા ઉપાયો છે તે પણ ઝડપથી અમલી બનાવવા પર ભાર મુક્યો હતો.

### અધિર ફસાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોડેથી અધિર રંજને સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, તેઓ સરકાર પાસેથી સ્પષ્ટીકરણ માંગી રહ્યા હતા. તેમના નિવેદનને ખોટીરીતે લેવામાં આવ્યું છે. ભારે હોબાળો થયા બાદ ચૌધરીએ ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, અનેક મુદ્દાઓ ઉપર સરકાર પાસેથી સ્પષ્ટીકરણ માંગી રહ્યા હતા.

આ સંસદમાં ૧૯૯૪માં લોકસભા અને રાજ્યસભામાં સર્વસંમતિથી એવો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો કે, પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને પણ ભારતમાં સામેલ કરવામાં આવશે. જો આવી બાબત હતી તો હાલમાં પોકને લઈને સ્થિતિ શું રહેલી છે. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, તેઓ સરકારને પ્રશ્ન કરી રહ્યા હતા.

### લહેરાવી શકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમ માનવામાં આવે છે કે સ્વતંત્રતા દિવસે કાર્યક્રમ બાદ શાહ અહીં લોકોને સંબોધન પણ કરનાર છે. જો કે સરકાર અને ભારતીય જનતા પાર્ટી તરફથી આ સંબંધમાં કોઈ વાત કરવામાં આવી નથી. પહેલા પણ કહેવામાં આવી રહ્યુ હતુ કે અમિત શાહ કાશ્મીરમાં શ્રીનગર લાલ ચોક પર ધ્વજ લહેરાવી શકે છે. કાશ્મીરમાં હાલમાં ભારે તંગ સ્થિતી છે. તમામ જગ્યાએ મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે.

### પસાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાની ઈચ્છાથી ઘરે છે. તેમની તબિયત પણ સારી છે. મોજમસ્તીમાં છે. માહિતી મેળવી શકાય છે. અમે તેમને બંદૂકની અણીએ સંસદમાં લાવવાની સ્થિતિમાં ન હતા. ત્યારબાદ ફારુક અબ્દુલ્લાનો મુદ્દો ઉઠાવાયો ત્યારે અમિત શાહે ચોથી વખત ફારુક અબ્દુલ્લાને લઈને ખુલાસો કર્યો હતો. ગૃહમંત્રાલય તરફથી પણ આ સંદર્ભમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી. કાશ્મીરખીણમાં સોમવારના દિવસે અનેક નેતાઓને નજરકેદમાં પકડી લેવામાં આવ્યા હતા. કલમ ૩૭૦ પર લોકસભામાં ઉગ્ર ચર્ચા ચાલી હતી. આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર ચાલ્યો હતો. જમ્મુ કાશ્મીરની વાત સ્પષ્ટપણે કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ ગાળામાં ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ સાંસદ મનિષ તિવારીએ જમ્મુ કાશ્મીરની વર્તમાન સ્થિતિ ઉપર સ્થગન પ્રસ્તાવ રજૂ કર્યો હતો. અનુપ્રિયા પટેલે પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. ફેરરચના બિલના સમર્થનમાં અનુપ્રિયાએ વાત કરી હતી. શિરોમણી અકાળીદળના સાંદ સુખબિરબાદલે પણ બિલની તરફેણ કરી હતી. કોંગ્રેસના સાંસદ શશી થરુરે બિલની સામે વાંધો ઉઠાવ્યો હતો. નેશનલ કોન્ફરન્સ અને પીડીપી પર પ્રહાર કરતા લડાખમાંથી ભાજપના સાંસદે કહ્યું હતું કે, લોકો ચૂંટણીમાં હિસ્સો લેવા ઈચ્છતા નથી પરંતુ જ્યારે પોતાની ખુરશીની વાત આવે છે ત્યારે સૌથી આગળ આવે છે. અગાઉ કેન્દ્ર સરકારે જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને નાબુદ કર્યા બાદ આજે લોકસભામાં જમ્મુ કાશ્મીર ફેરરચના બિલ રજૂ કરવામાં આવ્યુ હતુ. આ બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યા બાદ તેના પર ઉગ્ર ચર્ચા શરૂ કરવામાં આવી હતી. સવારે ચર્ચા શરૂ થયા બાદ મોડી સાંજ સુધી ચર્ચા ચાલી હતી.

### મતમતાંતર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વલણથી નારાજ થઈને રાજીનામુ આપી દીધું છે જે સમયે લોકસભામાં કોંગ્રેસ પાર્ટી બિલનો વિરોધ કરી રહી હતી ત્યારે પૂર્વ સાંસદ સિંધિયાએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, તેઓ જમ્મુ કાશ્મીર અને લડાખને ભારતીય સંઘમાં પૂર્ણ મર્જને લઈને સમર્થન કરે છે. જો બંધારણીય પ્રક્રિયા પૂર્ણ કરી લેવાઈ હોત તો કોઈ પ્રશ્નો ઉઠ્યા ન હોત. આ તમામ બાબતો અમારા હિતમાં છે. રાહુલ ગાંધીએ બિલનો વિરોધ કરીને કહ્યું છે કે, જમ્મુ કાશ્મીરના એક તરફી નિર્ણય કરીને વિભાજન કરવામાં આવ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જનાર્દન દ્વિવેદીએ કહ્યું છે કે, આ નિર્ણયની સાથે દેશે જુની ભુલોને સુધારી છે. દિપેન્દ્ર હુડાએ કહ્યું છે કે, ૨૧મી સદીમાં કલમ ૩૭૦નું કોઈ મહત્વ નથી. આને દૂર કરવાની જરૂર હતી.